# હરમન-સ્મૃતિ વચ્ચેના મતભેદને પગલે નેતૃત્વ પરિવર્તન થયાના અહેવાલ

**સ્મૃતિ** મંધાના અને હરમનપ્રીત વચ્ચેના અણબનાવને કારણે ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ તંગ રહેતું હતું

**પહેલા** સારો મનમેળ ધરાવતી બંને ખેલાડી તાજેતરના સમયમાં એકબીજા સામે આવવાનું ટાળતી હતી

નવી દિલ્હી, તા. 07 : હરમનપ્રીત કૌરના રાજીનામા બાદ સ્મૃતિ મંધાના ભારતીય મહિલા ક્રિકેટ ટીમનું નેતૃત્વ સંભાળે તે નક્કી હતું, પરંતુ 30 વર્ષીય આ ડાબોડી બેટરને આ જવાબદારી થોડી મોડી મળી હોવાની ચર્ચા જાગી છે. 2016થી ટીમની આગેવાની સંભાળનાર 37 વર્ષીય હરમનપ્રીતે બીસીસીઆઈની સમીક્ષા બેઠક પછી તમામ ફોર્મેટની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત વચ્ચે કેપ્ટનશીપના



મુદ્દે લાંબા સમયથી મનમેળ ન હોવાના અહેવાલો સામે આવ્યા છે. ડ્રેસિંગરૂમના એક સૂત્ર મુજબ, બંને વચ્ચે અણબનાવ હોવાથી વાતાવરણ તંગ બની ગયું હતું. હરમનપ્રીત અને મંધાના વચ્ચે પહેલા સારો મનમેળ હતો પણ કેપ્ટનશીપ તેમની વચ્ચે એક મુશ્કેલ મુદ્દો બની ગયો હતો ટીમના એક સૂત્રએ જણાવ્યું કે તેઓ છેલ્લા કેટલાક સમયથી એકબીજા સામે આવવાનું ટાળતા હતા અને બંને મળે ત્યારે તેઓ એકબીજાની આંખમાં આંખ મેળવતા નહોતા અને તેના કારણે ડ્રેસિંગ રૂમમાં સ્પષ્ટ અસ્વસ્થતા ફેલાઈ ગઈ હતી. માજી કેપ્ટન મિતાલી રાજે પણ મંધાનાને 2 થી 3 વર્ષ પહેલા વનડે અને ટેસ્ટની કેપ્ટનશીપ આપવાની વાત કરી હતી અને તેણે શેફાલી વર્માને ટી-20ની કેપ્ટન બનાવવાની પણ વાત કરી હતી. અહીં એ નોંધ કરવાની કે 2022માં વર્લ્ડકપ પછી, જ્યારે હરમનપ્રીતે મિતાલી પાસેથી વન ડે કેપ્ટનશીપ સંભાળી, ત્યારે આ બંને અનુભવી ખેલાડીઓ વચ્ચેના સંબંધો સૌથી નીચલા સ્તરે પહોંચ્યા હતા અને તેના કારણે ટીમમાં જૂથવાદ જેવી સ્થિતિ સર્જાઇ હતી. હવે જ્યારે મંધાના કેપ્ટન બની છે અને હરમન આગામી બે કે ત્રણ વર્ષ સુધી ખેલાડી તરીકે ચાલુ રહેવા માંગે છે, ત્યારે જોવાનું એ છે કે આ બંને વચ્ચેના સંબંધો કયા સ્તરે પહોંચે છે.

## માનુષ-દિયાની જોડી ચાઇના સ્મેશની સેમીમાં, માનવ સિંગલ્સમાં હાર્યો

બેઇજિંગ, તા. 07 : માનુષ શાહ અને દિયા ચિતાલેએ બુધવારે અહીં WTT ચાઇના સ્મેશના ક્વાર્ટર ફાઇનલમાં રોમાનિયાના એડવાર્ટ આયોનેસ્કુ અને બર્નાડિટ જોક્સને 3-0થી હરાવીને ઇતિહાસ રચ્યો અને WTT ગ્રાન્ડ સ્મેશના સેમી ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મિક્સ્ડ ડબલ્સ જોડી બની. પાંચમી ક્રમાંકિત ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં રોમાનિયન જોડીને 11-9, 13-11, 11-3થી હરાવીને અંતિમ ચારમાં જગ્યા બનાવી. આ જીત સાથે, ભારતીય જોડીએ શાનદાર વાપસી કરીને ગયા વર્ષે રોમાનિયન જોડી સામેની સીધી ગેમમાં મળેલી હારનો બદલો લીધો. જોકે, ભારતના માનવ ઠક્કર પુરુષ સિંગલ્સના છેલ્લા 32 રાઉન્ડમાં ફ્રાન્સના સાતમા ક્રમાંકિત એલેક્સિસ લેબ્રુન સામે 0-3થી હારી ગયા બાદ સ્પર્ધામાંથી બહાર થઇ ગયા.

## આર્કટિક ઓપન : પ્રણોય હાર્યો, કૃષ્ણ-પૃથ્વી. તન્વીની આગેકૂચ

વાંટા (ફિનલેન્ડ), તા. 07 : એચએસ પ્રણોય પ્રથમ રાઉન્ડમાં હારીને આર્કટિક ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો પરંતુ કૃષ્ણ પ્રસાદ ગરાગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોયની જોડીએ પાંચમી ક્રમાંકિત ચીની જોડી હી ઝી ટિંગ અને રેન ઝિયાંગ યુને હરાવી હતી. 34 વર્ષીય પ્રણોયનો ચોથા ક્રમાંકિત ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેન સામે 21-10, 21-9થી પરાજય થયો. કૃષ્ણા અને પૃથ્વીએ હી અને રેઈનને 10-21, 21-18, 22-20થી હરાવ્યા. તન્વી શર્માએ તાઇવાનની ચિયુ પિન ચિએનને 21-15, 21-17 થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો પરંતુ ઇશારાની બરુઆ ટોચના ક્રમાંકિત થાઇલેન્ડની રત્ચાનોક ઇન્ટાનોન સામે 21-10, 21-15 થી હારી ગઈ હતી.

# 2036 ઓલિમ્પિક્સ દાવેદારી માટે ભારતની થીમ રાઈઝિંગ ટુગેધર

**આઇઓસી** સામે ભારત નવેમ્બરના અંતમાં અમદાવાદ શહેરને કેન્દ્રમાં રાખીને પ્રથમ પ્રેઝન્ટેશન રજૂ કરશે

**2036** માટે ભારતની મહાકાંક્ષા રમતગમત દ્વારા દેશનું ભવિષ્ય ઘડવાના વિચાર પર આધારિત : માંડવિયા



નવી દિલ્હી, તા. 07 (પીટીઆઇ) : ભારતની 2036 ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટેની દાવેદારી રાઈઝિંગ ટુગેધરના વિઝન પર આધારિત રહેશે. કેન્દ્રીય રમત મંત્રી મનસુખ માંડવિયા અને ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશન (આઇઓએ)ના પ્રમુખ પી ટી ઉષાએ બુધવારે જાહેરાત કરી હતી કે ઇન્ટરનેશનલ ઓલિમ્પિક્સ સમિતિ (આઇઓસી)ની ફ્યુચર હોસ્ટ કમિશન સામે ભારત નવેમ્બરના અંતમાં પોતાનું પ્રથમ પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન રજૂ કરશે.

આઇઓસીએ મંગળવારે જણાવ્યું હતું કે 2036ના ઓલિમ્પિક્સની યજમાનીમાં રસ દાખવનારા સાત દેશોમાં ભારત, જર્મની, કતાર અને તુર્કીનો સમાવેશ થાય છે. આ સિવાય હંગેરી, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા પણ રેસમાં છે. આ તમામ દેશોને પોતાના પ્રોજેક્ટ રજૂ કરવા આમંત્રણ અપાયું છે. માંડવિયાએ જણાવ્યું હતું કે 2036 માટે ભારતની મહાકાંક્ષા રમતગમત દ્વારા દેશનું ભવિષ્ય ઘડવાના વિચાર પર આધારિત છે. ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક ગેમ્સની યજમાનીથી લાખો યુવાનોને રમતગમતમાં જોડાવાની પ્રેરણા મળશે અને રોજગારી તેમજ સામાજિક વિકાસની નવી તકો ઊભી થશે.

ભારતે આ રમતોના આયોજન માટે અમદાવાદ શહેરની પસંદગી કરી છે, જે અગાઉ ક્યારેય ભારતમાં યોજાયી નથી. ભારતે 2024માં યજમાની માટે સત્તાવાર ઈચ્છાપત્ર જમા કરાવ્યું હતું. આઈઓએના પ્રમુખ પી ટી ઉષાએ જણાવ્યું હતું કે રાઈઝિંગ ટુગેધર ભારતની ઊર્જા અને વિવિધતાને એક કરવાની પ્રતિબદ્ધતા છે. નવેમ્બરના પ્રેઝન્ટેશન બાદ 2028થી સ્ટ્રેટેજિક ડાયલોગનો તબક્કો શરૂ થશે અને 2029ના મધ્યમાં આખરી નિર્ણય લેવાશે.

# ટી-20 રેન્કિંગમાં ઐયર સાતમા ક્રમે, વન ડેમાં ગીલ ટોચ પર યથાવત

**શ્રેયસ** અય્યર 18 ક્રમનો કુદકો મારી કેરિયર બેસ્ટ સાતમા ક્રમે પહોંચ્યો, ઇશાન, અભિષેક ટોચના બે સ્થાને યથાવત

**વન ડે** રેન્કિંગમાં રાહુલ સાત ક્રમ ઉપર આવી ટોપ ટેનમાં, કોહલી ત્રીજા અને રોહિત ચોથા સ્થાને



દુબઈ, તા. 07 : ભારતના ટી-20 કેપ્ટન શ્રેયસ અય્યર આજે બુધવારે રમતના સૌથી ટૂંકા ફોર્મેટના રેન્કિંગમાં કેરિયર બેસ્ટ સાતમા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે વન ડેમાં કેપ્ટન શુભમન ગિલ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

મંગળવારે લખનૌમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની સીરિઝની પહેલી મેચમાં સદી ફટકારવા બદલ અય્યર 18 ક્રમનો કુદકો મારીને આ ફોર્મેટમાં પહેલીવાર સાતમા ક્રમે પહોંચ્યો છે. ઈશાન કિશન અને અભિષેક શર્માએ ટોચના બે સ્થાન જાળવી રાખ્યા છે જ્યારે તિલક વર્મા 1દમા ક્રમે છે. પંદર વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી આઠ સ્થાન ઉપર આવીને 46મા સ્થાને પહોંચી ગયો છે. બોલિંગ રેન્કિંગમાં લેગ સ્પિનર રાશિદ ખાન આઠમી વખત ટોચ પર પાછો ફર્યો છે. ભારતનો ડાબોડી સ્પિનર અક્ષર પટેલ 16 ક્રમ કુદીને સાતમા સ્થાને પહોંચી ગયો છે. ગુવાહાટી વન ડેમાં બેવડી સદી ફટકારનાર ગીલ કેરિયર બેસ્ટ 841 રેટિંગ્સ પોઇન્ટ સાથે વન ડે રેન્કિંગમાં ટોચે યથાવત છે. માજી કેપ્ટન વિરાટ કોહલી બીજા સ્થાનેથી ત્રીજા સ્થાને સરકી ગયો છે. જ્યારે કેએલ રાહુલે સાત સ્થાન ઉપર આવીને ટોપ 10માં પાછો ફર્યો છે.

### વનડે રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | શુભમન ગીલ | ભારત | 841 |
| 2 | ડેરિલ મિચેલ | ન્યૂઝીલેન્ડ | 794 |
| 3 | વિરાટ કોહલી | ભારત | 781 |
| 4 | રોહિત શર્મા | ભારત | 770 |
| 5 | ઇબ્રાહીમ ઝદરાન | અફઘાનિસ્તાન | 719 |
| 6 | શે હોપ | વેસ્ટઇન્ડિઝ | 710 |
| 7 | બાબર આઝમ | પાકિસ્તાન | 689 |
| 8 | કુસલ મેન્ડિસ | શ્રીલંકા | 674 |
| 9 | જો રૂટ | ઈંગ્લેન્ડ | 660 |
| 10 | કેએલ રાહુલ | ભારત | 653 |

### ટી-20 ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | ઇશાન કિશન | ભારત | 902 |
| 2 | અભિષેક શર્મા | ભારત | 887 |
| 3 | સાહિબઝાદા ફરમાન | પાકિસ્તાન | 818 |
| 4 | હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | 793 |
| 5 | જોશ બટલર | ઈંગ્લેન્ડ | 789 |
| 6 | ડેવાલ્ડ બ્રેવિસ | દ. આફ્રિકા | 789 |
| 7 | શ્રેયસ અય્યર | ભારત | 786 |
| 8 | ફિલ સોલ્ટ | ઈંગ્લેન્ડ | 775 |
| 9 | પથુમ નિસાંકા | શ્રીલંકા | 742 |
| 10 | તિલક વર્મા | ભારત | 718 |

# પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાત માટે વિરાટે પૈસા નથી લીધા : પ્રવક્તા

**વાયરલ** આક્ષેપોને પાયાવિહોણા ગણાવી મીડિયાને તથ્યોની ચકાસણી કરીને જ અહેવાલ પ્રસિદ્ધ કરવા અપીલ

**કોહલીની** આશ્રમની મુલાકાતો માત્ર મહારાજજી પ્રત્યેની તેની ઊંડી શ્રદ્ધા, આસ્થા અને આદર ભાવનાથી પ્રેરાયેલી



નવી દિલ્હી, તા. 07, (પીટીઆઇ) : અધ્યાત્મિક ગુરુ પ્રેમાનંદ મહારાજના આશ્રમની પ્રથમ મુલાકાત માટે ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ નાણાં લીધા હોવાના આરોપોને તેના પ્રવક્તાએ સખત શબ્દોમાં ફગાવી દીધા છે. પ્રવક્તાએ આ દાવાઓને સંપૂર્ણપણે અસત્ય, ભ્રામક અને પાયાવિહોણા ગણાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કોહલી અને તેમની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા પ્રેમાનંદ મહારાજના પરમ ભક્ત છે અને તેઓ અવારનવાર વૃંદાવનસ્થિત તેમના આશ્રમે દર્શનાર્થે જતા રહે છે. જોકે, તાજેતરમાં ફલાહારી મહારાજ દિનેશ શર્માએ એવો સનસનાટીભર્યો આક્ષેપ કર્યો હતો કે કોહલીએ 2023માં આશ્રમની પોતાની પ્રથમ મુલાકાત બદલ રૂ. પાંચ કરોડ મેળવ્યા હતા. આ દાવાઓ અંગે સ્થિતિ સ્પષ્ટ કરતા કોહલીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે, ફલાહારી મહારાજ દિનેશ શર્મા દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપ તથ્યવિહીન અને તદ્દન ખોટા છે. કોહલીની આશ્રમની મુલાકાતો માત્ર મહારાજજી પ્રત્યેની તેમની ઊંડી શ્રદ્ધા, આસ્થા અને આદર ભાવનાથી પ્રેરાયેલી છે. પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું કે, અમે આ ખોટા દાવાઓનું સખત ખંડન કરીએ છીએ અને સમસ્ત મીડિયાને અપીલ કરીએ છીએ કે આવા નિવેદનોને અહેવાલ તરીકે દર્શાવતા કે આગળ વધારતા પહેલા સત્યતાની ચકાસણી કરે અને જવાબદારીપૂર્વક અહેવાલ પ્રસિદ્ધ કરે.

## સુડોકુ ૭૨૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૭ | ૯ | | ૬ | ૪ | ૧ |
| ૭ | | ૫ | ૬ | ૨ | | ૮ | ૯ | ૩ |
| ૧ | ૬ | | | | ૩ | | | ૭ |
| ૬ | ૨ | | | ૧ | | ૯ | | ૫ |
| ૫ | | ૧ | | | ૮ | | | ૪ |
| ૪ | | ૭ | ૫ | | ૨ | ૧ | | |
| | | ૩ | ૨ | ૭ | ૬ | | | ૯ |
| ૯ | ૧ | | | ૮ | ૪ | ૫ | ૭ | ૨ |
| ૨ | | ૪ | ૧ | | | ૩ | | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કૃમિઘાતિનિ ગુટિકા

એક એક ગોળી સવાર, સાંજ મધ અથવા પાણી સાથે. બાળકને એક ગોળી વાટી તેના ચાર ભાગ કરી, એક એક ભાગ સવાર સાંજ આપવો. કૃમિના સર્વ વિકાર, તાવ, શરીર સુકાવુ, મંદાગ્નિ, અતિસાર, ઉલટી, પેટ ફુલવુ, ચિડિયાપણું દૂર થાય છે.

## શબ્દગુંફન - ૭૨૬૪

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. આવક (૪)
૪. ભવિષ્યવાણી, વેદવાણી (૫)
૭. એક વાદ્ય, ડાકલું (૩)
૮. દોલત (૨)
૯. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૧. ધરતી, પૃથ્વી (૨)
૧૨. જૈન સાધુ (૨)
૧૩. ચણોઠી જેટલું કદ કે વજન (૨)
૧૪. એક જાતનું કાપડ (૨)
૧૫. હેતુ, મુરાદ (૪)
૧૯. પાતળું (૨)
૨૦. સમાન વતન છે જેનું તે (૫)
૨૨. છબી, ચિત્ર (૪)
૨૪. સહેજ, જરા (૩)
૨૫. સહેજ પણ (૪)
૨૭. વાપર, વ્યય (૨)
૨૮. શ્રીવિષ્ણુ (૨)
૨૯. ઉપકાર (૨)
૩૦. રાજનીતિ (૨)
૩૧. દહીંમાંથી પાણી કાઢી લઈ બનાવેલો એક ખાદ્ય પદાર્થ (૩)

**ઊભી ચાવી**
૨. ખુશબો (૩)
૩. ડર વિનાનું, નિર્ભય (૩)
૪. વસિષ્ઠ ઋષિનાં પત્ની (૪)
૫. બાળભાષામાં ચવાણું (૨)
૬. બારી (૪)
૯. ખંજવાળ (૨)
૧૦. ચતુર, હોશિયાર (૩)
૧૩. નકામું, બાદ કરેલું (૨)
૧૫. માનવકુળના ઉત્પાદક એવા આદિ માનવ (૨)
૧૬. સુંદર (૩)
૧૭. હિંમત (૨)
૧૮. પશુ, જનાવર (૪)
૧૯. તબલાં વગાડનાર (૪)
૨૦. પ્રત્યેક, દરેક (૨)
૨૧. હેત, સ્નેહ (૩)
૨૨. સંભાળ, માવજત (૪)
૨૩. વિદ્યુત (૨)
૨૫. હોડી, વહાણ (૨)
૨૬. રૂપાળી જુવાન સ્ત્રી (૩)
૨૮. ઘોડો (૨)

## આજનું પંચાંગ

**તા. 08/10/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: તેરસ: 22:17- પ્રદોષ શિવરાત્રિ,
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-16
**યોગ :** શુક્લ **કરણ:** ગર
**નક્ષત્ર :** પૂ.ફા.:- 21:21
**રાશિ:** સિંહ (મ,ટ) 27:20 પછી કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** ત્રયોદશી શ્રાદ્ધ- તેરસનું શ્રાધ્ધ- કલિયુગાદિ
**સુરતમાં સૂર્યોદય :** 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:19
**નવકારસી :** 07:20
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 રબિઉલ આખર માસનો 26મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે: 13:30 થી 15:00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** વાણી પર કાબૂ રાખવો. તથા આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. મિત્રો સાથે નવા વ્યવસાયનું આયોજન થાય.
**વૃષભ (બ,વ,ઉ,):** કામનો બોજ વધે. ઘરમાં ઉત્સવ જેવું રહે. નવા ફેરફાર થાય. આવક વધે. પ્રવાસમાં સાવધાન.
**મિથુન (ક,છ,ઘ,):** અડોશ-પડોશ- ભાઈ-બહેન-મિત્રો વગેરે સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. માનસિક અશાંતિ સતાવે.
**કર્ક (ડ,હ,):** વાણી પર કાબૂ રાખવો. પણ ટેકનોલોજી અને માર્કેટીંગ સાથે સંકળાયેલને તક મળે. આત્મવિશ્વાસ વધશે.
**સિંહ (મ,ટ,):** પડવા-

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

વાગવાથી સાવધાન રહેવુ. પારીવારિક તથા સામાજિક સમસ્યા સતાવે. નોકરીમાં નવી જવાબદારી વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** પોલીસ લફરાથી બચવું. ઉધાર લેવા-દેવાનું ટાળવું. રોમેન્ટીક મુલાકાત થાય. ધાર્મિક પ્રવાસ થાય.
**તુલા (ર,ત,):** સ્વાર્થી મિત્રોથી સાવધાન નવા આર્થિક વ્યવહારમાં સાવધાન અને પ્રેમ પ્રકરણમાં કોઈની વાતોમાં આવવું નહી.
**વૃશ્ચિક (ન,ય,):** નવી નોકરી અને નવા વેપાર-ધંધામાં મદદથી અનુકૂળતા વધશે. સમાજ કે જાહેર જીવનમાં સાવધાન રહેવું.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** બૌદ્ધિક લોકોની મુલાકાત થાય. વિદેશના કામ થાય. ધાર્મિક સાહિત્યને લગતા કામથી લાભ થાય.
**મકર (ખ,જ,):** આંખની કાળજી રાખવી. ગુપ્ત શત્રુઓથી સાવધાન. વડીલોની સલાહથી અનુકૂળતા રહેશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ભાગીદારીનાં કામ થાય. જાહેર જીવનને લગતાં કામમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં જવાબદારીથી પ્રભાવ વધશે. ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 08 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રતિકૂળતાનો અનુભવ વધારશે. નોકરીમાં નામ જવાબદારી અને ધંધામાં નવી યોજનાથી કામનો બોજ વધશે. આધુનિક ટેકનોલોજીને લગતાં કામ થાય. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ-ગરમ રહે. હરીફોની હેરાનગતિ વધશે. નોકરી ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીથી લાભ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ કોર્ટ-કચેરીમાં વિઘ્નોનો અનુભવ વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં સફળ બને. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. ઉંમર લાયકના વિવાહના ખર્ચા વધશે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોની મદદ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો મદદરૂપ બનશે. સ્ત્રીવર્ગની સમસ્યા વધશે. યાત્રા- પ્રવાસ, ધર્મ- કર્મ થાય. ડિસેમ્બર- જાન્યુઆરી- ફેબ્રુઆરીમાં શુક્ર શનિવારે, 08,17, 26 તારીખે નવા કામ કરવાં. કાળા-નીલા રંગનો ઉપયોગ વધારવો. માર્ચ- એપ્રિલમાં બુધવારે 07,16, 25 તારીખે નવા કામ ટાળવો. સોનેરી રંગનાં ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

## અનુસંધાન... પાના પહેલાનું

### ભાજપનો રાહુલ...

ગણાવ્યું હતું અને વિપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધી પાસેથી માફીની માગ કરી હતી. જોકે, ભાજપના આ આરોપો સામે કોંગ્રેસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

### જ્યાં સુધી રાજીનામું...

પવિત્ર વસ્તુ એટલે કે બંધારણ અને જનતાના અવાજની રક્ષા કરવા માટેની છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગમે તેટલા પ્રયાસો કરી લે, પણ તેઓ આપણને રોકી શકશે નહીં. રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું હતું કે, 'વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, મોહન ભાગવત અને જ્ઞાનેશ કુમાર ગમે તેટલા દબાણ લાવવાના પ્રયાસો કરે, પરંતુ હું ગેરંટી આપું છું કે આ ચારેય લોકોને કાયદાના કટેડામાં લાવવામાં આવશે. આ બધી તેમની ગભરાટ અને ડરની પ્રતિક્રિયા છે. તેમણે દેશના બંધારણ અને જનતાના અવાજ પર હુમલો કર્યો છે અને તેમણે આની ભારે કિંમત ચૂકવવી પડશે.'

### વડા પ્રધાન મોદીને ...

નાઈજીરિયાના રાષ્ટ્રપતિ બોલા અહમદ તિનુબુએ તેને લોકશાહીમાં એક દુલર્ભ સિદ્ધિ ગણાવીને બંને દેશો વચ્ચેના વેપારી અને વ્યૂહાત્મક સંબંધોને બિરદાવ્યા હતા. સાથે જ બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ દુમા ગિબન બોકોએ પણ પીએમ મોદીના સમર્પણ અને સેવાભાવને બિરદાવતા ભાવિ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સર્બિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર વુસિકે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારત 'ભાગ્યશાળી' છે કે તેને મોદી જેવા નેતા મળ્યા છે. ડોમિનિકાના વડાપ્રધાન રૂઝવેલ્ટ સ્કેરિટે પોતાના 'પ્રિય મિત્ર' મોદીને અભિનંદન આપતા ભારતે દર્શાવેલી મિત્રતા અને ઉદારતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પીએમ મોદીએ જાપાનના તાકાઈચીનો આભાર માનતા કહ્યું કે તેમની જુલાઈ મહિનાની ભારત મુલાકાત 'અવિસ્મરણીય' રહી છે અને રાજદ્વારી સંબંધોના 75 વર્ષ નિમિત્તે બંને દેશોના સંબંધો નવી ઊંચાઈએ પહોંચશે. આ ઉપરાંત મોદીએ અન્ય દેશોના પ્રમુખોનો પણ આભાર માનતા તેમના દેશો સાથે ભારતની ભાગીદારી વધુ મજબૂત કરવાની ઈચ્છા દર્શાવી હતી.

### દિલ્હીમાં વિપક્ષનો...

જંતર-મંતર તરફ જઈ રહ્યા હતા. જોકે, સેન્ટ્રલ દિલ્હીમાં શાંગ્રી-લા હોટેલ નજીક આવેલા ગોળચક્કર પાસે જ પોલીસે તેમને આગળ વધતા અટકાવ્યા હતા.

પોલીસે અટકાવતા જ કોંગ્રેસ અને વિપક્ષી નેતાઓ ત્યાં જ રસ્તા પર ધરણા પર બેસી ગયા હતા. પ્રિયંકા ગાંધી વાડ્રા અન્ય મહિલા નેતાઓ સાથે બંધારણની નકલ હાથમાં રાખીને રસ્તા પર સૂઈ ગયા હતા. પરિસ્થિતિને અંકુશમાં લેવા માટે ભારે સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસે સૌથી પહેલા રાહુલ ગાંધીને બળજબરીપૂર્વક ઊંચકીને પોલીસ બસમાં બેસાડ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક નેતાઓ બસની છત પર ચડી ગયા હતા જ્યારે મુમતાઝ પટેલ બસના બોનેટ પર બેસી ગયા હતા. ત્યારબાદ મહિલા પોલીસ કર્મચારીઓએ પ્રિયંકા ગાંધી અને અન્ય મહિલા નેતાઓને રસ્તા પરથી ઢસડીને બળજબરીપૂર્વક બસોમાં બેસાડી દીધા હતા. પ્રિયંકા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે તેમની સાથે ધક્કામુક્કી કરી હતી અને નેતાઓને જમીન પર ફેંકી દીધા હતા. તમામ નેતાઓને અલગ-અલગ પોલીસ સ્ટેશનોએ લઈ જવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીને બારાખંભા રોડ પોલીસ સ્ટેશને જ્યારે પ્રિયંકા ગાંધીને છત્રસાલ સ્ટેડિયમમાં રાખવામાં આવ્યા હતા. રાત્રે 8 વાગ્યા પછી રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને પોલીસ અટકાયતમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને જયરામ રમેશે દિલ્હી પોલીસ અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે લોકશાહી અને બંધારણની રક્ષા માટે ઈન્ડિયા ગઠબંધન ગમે તેટલી વાર જેલ જવા કે અટકાયત વહોરવા તૈયાર છે. તેમણે દાવો કર્યો કે ચૂંટણી પંચ અને મોદી સરકાર વચ્ચેની મિલીભગત હવે ખુલ્લી પડી ગઈ છે.

### મુખ્ય ચૂંટણી...

ત્યાં સુધી આ આંદોલન સતત ચાલુ રહેશે. આ લડાઈને લોકશાહીના રક્ષકો અને ભાજપ વચ્ચેનો સીધો મુકાબલો ગણાવીને તેમણે ઈન્ડિયા ગઠબંધનના સાંસદો દ્વારા યોજાયેલા માર્ચને પૂર્ણ સમર્થન આપ્યું હતું.

પત્રકાર પરિષદમાં સીજેપી ઉપરાંત ઓલ ઈન્ડિયા સ્ટુડેન્ટ્સ એસોસિએશન (એઆઈએસએ), ઓલ ઈન્ડિયા સ્ટુડેન્ટ્સ ફેડરેશન (એઆઈએસએફ), સ્ટુડેન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ) અને આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ એસએપી એકમંચ પર આવ્યા હતા. જુલાઈમાં નીટ પેપર લીક મુદ્દે સીજેપીના આંદોલનને કારણે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવું પડ્યું હતું, અને હવે આ સંગઠનો ચૂંટણી પંચ સામે જમીની દબાણ જાળવી રાખવા માગે છે.

સીજેપીના સહ-સંયોજક સૌરવ દાસે દેશભરથી લોકોને દિલ્હી પહોંચવા અને લાંબા આંદોલન માટે તૈયાર રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે આ લડાઈ સરળ નથી. જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે તો પણ ચૂંટણી વ્યવસ્થાની સફાઈ ન થાય ત્યાં સુધી પ્રદર્શનકારીઓ પાછળ હટશે નહીં. તેમણે જ્ઞાનેશ કુમારનું રાજીનામું, તેમની સામે ફોજદારી કાર્યવાહી, એસઆઈઆર પ્રક્રિયા પર રોક, જાન્યુઆરી 2025ની મતદાર યાદી પુનઃસ્થાપિત કરવી અને 2023ના ચૂંટણી કમિશનરની નિમણૂક અંગેના કાયદાને રદ કરીને તટસ્થ પ્રક્રિયા બનાવવાની મુખ્ય માગણીઓ રજૂ કરી હતી.

એઆઈએસએના અધ્યક્ષ નેહા બોરાએ કહ્યું કે સામાન્ય જનતા, નાગરિક સમાજ, વિરોધ પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો એક તરફ છે અને ભાજપ તથા ચૂંટણી પંચ બીજી તરફ છે. વિરોધ પ્રદર્શનની મંજૂરી અંગે સૌરવ દાસે સ્પષ્ટ કર્યું કે તેમણે પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશને માત્ર લેખિત જાણ કરી છે, કારણ કે લોકશાહીમાં વિરોધ કરવા માટે દિલ્હી પોલીસની 'મંજૂરી'ની જરૂર નથી.

### 'વી વિલ ડુ ઈટ':...

કાર્યક્રમ પહેલા તેમણે વિનાયક મંદિરમાં પૂજા કરી હતી શિવલિંગ પર ફૂલ ચઢાવ્યા હતા અને આરતી કરી હતી.

સરકારના વડા તરીકે સતત 25 વર્ષ પૂર્ણ કરવાના ઐતિહાસિક અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં વડા પ્રધાને દેશના વિકાસ માટે એકતા પર ભાર મૂક્યો હતો અને ચૂંટણીઓ દરમિયાન થતા જાતિવાદી વિભાજનને દેશના વિકાસ માટે સૌથી મોટો પડકાર ગણાવ્યો હતો.

પોતાના સંબોધનમાં વડા પ્રધાને દેશવાસીઓમાં નવો ઉત્સાહ પૂરતા આહ્વાન કર્યું કે, 'આજે 2026માં આપણે વિકસિત ભારતનું જે સ્વપ્ન જોઈ રહ્યા છીએ તે ચોક્કસપણે સાકાર થશે. હવે ભારતને રોકાવાનું કોઈ કારણ નથી. સો વર્ષ પહેલાં આપણે 40 કરોડથી પણ ઓછા હતા, જ્યારે આજે 140 કરોડથી વધુ છીએ. આ 140 કરોડ નાગરિકો ભેગા મળીને 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરશે, અને આપણે તે ચોક્કસપણે કરીશું - 'વી વિલ ડુ ઈટ!' રાજકીય વિભાજન સામે ચેતવણી આપતા તેમણે કહ્યું કે વોટબેંકના સ્વાર્થ માટે અંદરોઅંદરના ભેદભાવ દેશની પ્રગતિમાં મોટો અવરોધ છે. જ્યારે કોઈ ખેડૂતના ખેતરને પાણી નથી મળતું કે વીજળી જાય છે, ત્યારે તે સમસ્યા કે અંધારું કોઈ એક ચોક્કસ જાતિ કે સમુદાય પૂરતું મર્યાદિત નથી હોતું. જો સમસ્યા સહુની છે, તો ઉકેલ પણ સહુ માટે હોવો જોઈએ. ભારતમાં પડકારો ચોક્કસ છે, પરંતુ આપણી પાસે 140 કરોડ ઉકેલો પણ છે. ફ્લાય દુબઈ વિમાનના ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે, જેમ આજે સમગ્ર વિશ્વ ભારતીય પાયલટની વીરતાના વખાણ કરી રહ્યું છે, તેમ એક દિવસ એવો પણ આવશે જ્યારે વિશ્વ 'મેડ ઈન ઈન્ડિયા' વિમાનોની ચર્ચા કરશે. એક દાયકામાં 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવાની દેશની ક્ષમતા પર તેમણે ગર્વ વ્યક્ત કર્યો હતો. 7 ઓક્ટોબર 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રથમવાર સોગંદ લીધાના દિવસને યાદ કરતા વડા પ્રધાને દેશની જનતા, બંધારણ, અને લોકશાહી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે જનતા મારા માટે ઈશ્વરનું રૂપ છે અને ભાજપના કાર્યકરો મારી તાકાત છે. તેમણે પોતાના ટીકાકારો, વિરોધીઓ અને સમર્થકોનો આભાર માનતા કહ્યું કે, શિસ્ત, નમ્રતા અને દરેક પરિસ્થિતિમાં શીખવાની વૃત્તિએ જ તેમને સતત દેશસેવા કરવાની શક્તિ આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે તેમના માટે કર્મ જ તેમનો ધર્મ છે અને પોતાની 25 વર્ષની જાહેર જીવનની આ અનુભવ-સંપત્તિ પર દેશના દરેક બાળકનો અધિકાર છે.

'દરેક ઘટનાએ મને કંઈક ને કંઈક શીખવ્યું છે અને નમ્ર બનતા શીખવ્યું છે. જેણે મને પાડ્યો, તેણે જ મને ઊભા થતાં શીખવાડ્યું છે અને જેણે મારો વિરોધ કર્યો, તેણે મને લોકશાહીની સાચી શક્તિ સમજાવી છે', એમ મોદીએ કહ્યું હતું.

તેમણે ઉમેર્યું કે તેઓ મહત્વાકાંક્ષા માટે નહીં પણ મિશન માટે જીવે છે. 25 વર્ષમાં તેઓ ક્યાં પહોંચ્યા તેના કરતાં દેશ ક્યાં પહોંચ્યો તે મહત્વનું છે. ભૂતકાળને યાદ કરતા તેમણે કહ્યું કે ગુજરાત આવ્યા ત્યારે તેમને વહીવટી અનુભવ નહોતો, માત્ર જનશક્તિ પર ભરોસો હતો. વડનગરના શાળાના દિવસો યાદ કરી તેમણે કહ્યું કે તેઓ આજે પણ પોતાને વિદ્યાર્થી માને છે. તેમજ 2015-25ના દાયકામાં આઝાદી પછીનો ખેતીનો સૌથી વધુ વિકાસ દર નોંધાયો હોવાનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો.

### દિલ્હી ડાયરી...

(સીજેઆઈ) સૂર્યકાંત અને સર્વોચ્ચ અદાલતના અન્ય ન્યાયાધીશો સાથે 'અનૌપચારિક ચર્ચા' સહિતની 'સ્થાનિક અભ્યાસ મુલાકાત' માટે સુપ્રીમ કોર્ટની મુલાકાતે જવાની હતી. પ્રસ્તાવિત બેઠક અંગેનો વિવાદ ગયા અઠવાડિયે ત્યારે સર્જાયો જ્યારે રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે 1 ઓક્ટોબરે એક પ્રેસ-કોન્ફરન્સને સંબોધિત કરી હતી, જેમાં તેમણે આ બેઠકને 'ગેરબંધારણીય' ગણાવી હતી કારણ કે જેપીસી દ્વારા ચર્ચા કરવામાં આવી રહેલું વિધેયક ભવિષ્યમાં ન્યાયિક સમીક્ષા માટે કોર્ટ સમક્ષ આવી શકે છે. સુપ્રીમ કોર્ટે 1 ઓક્ટોબરની બપોરે જેપીસીને પત્ર લખીને બેઠક રદ્દ કરી દીધી હતી અને જણાવ્યું હતું કે આ બાબતે વરિષ્ઠ ન્યાયાધીશો વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી અને એવું લાગ્યું કે ચર્ચા કરવી ઇચ્છનીય રહેશે નહીં કારણ કે વિધેયકો ન્યાયિક સમીક્ષાનો વિષય બની શકે છે.

**આઈઆઈટી પ્રવેશમાં મહિલાઓની સ્થિતિ**

ઓછી નોંધણી હોવા છતાં 2026માં જેઈઈ-આડવાન્સ્ડમાં મહિલાઓની સફળતાનો દર રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો, આ સમયગાળા દરમિયાન પહેલીવાર 10,000થી વધુ મહિલાઓએ ક્વોલિફાય કર્યું હતું. છતાં આઈઆઈટી સીટ ફાળવણીમાં તેમનો હિસ્સો માંડ બદલાઈને 20.15 ટકાથી 20.22 ટકા થયો છે. ટોચના 100 રેન્કર્સમાંથી, 97ને માત્ર ત્રણ આઈઆઈટી (બોમ્બે, દિલ્હી અને મદ્રાસ)માં સીટો ફાળવવામાં આવી હતી - જેમાં એકલા બોમ્બેએ 68 ઉમેદવારો લીધા હતા. આ વખતે, આઈઆઈટીમાં કુલ 18,861 પ્રવેશ આપવામાં આવ્યા હતા, જેમાં 20 ટકા મહિલા ઉમેદવારો હતા. ટોચના 25 રેન્કર્સમાં, આઠ-આઠ ઉમેદવારોએ આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી મદ્રાસમાં પ્રવેશ મેળવ્યો, જ્યારે છ ટોપર્સે આઈઆઈટી બોમ્બેમાં પ્રવેશ લીધો.આઈઆઈટી રૂરકી દ્વારા તૈયાર કરાયેલા જોઈન્ટ ઇમ્પ્લીમેન્ટેશન કમિટીના અહેવાલમાં એસસી અને એસટી ઉમેદવારોના પરિણામોમાં ઘણો સુધારો થયો છે. બંને વર્ષોમાં વિકલાંગ ઉમેદવારોને સામેલ કરતાં, નોંધાયેલા ઉમેદવારોમાં તેમની લાયકાતનો દર અનુક્રમે 9.9 અને 8.3 ટકા વધીને 50.2 ટકા અને 42.1 ટકા થયો છે.

**ભારતીય ચીઝની વૈવિધ્યતા અને સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિની મુલાકાત**

સ્વિટ્ઝર્લેન્ડ તેની ચીઝની વિશાળ વિવિધતા માટે આખી દુનિયામાં પ્રખ્યાત છે, પરંતુ જ્યારે મુલાકાતે આવેલા સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પાર્મેલિન નવી દિલ્હી આવ્યા ત્યારે તેમને ભારતના ત્રણ અલગ-અલગ ભાગોમાંથી ત્રણ અનન્ય ચીઝ ફ્લેવર ચાખવા મળ્યા. આ વિવિધ ચીઝ ફ્લેવર્સ ગુલમર્ગ (કાશ્મીર), કોણાર્ક (ઓડિશા) અને ચોઉરથી આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ભારતીય ચીઝ બનાવવાની વધતી જતી પરંપરા અને પ્રાદેશિક શીલ્પકળાનું પ્રદર્શન કરતી વખતે ત્રણ વિશેષ ભારતીય ચીઝની જાતો ભેટમાં આપી હતી.